**सत्यमेव जयते**

# FORM A

**કાલવડના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ–કાલાવડ**

**સમક્ષ :** **અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**

**ફોજદારી કેસ નંબર– ૧૭૨૦ / ૨૦૨૩**
**આંક –**

**કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન એફ.આઈ.આર.**
**નં.૧૧૨૦૨૦૩૦૨૩૦૨૩૦૩૨૨/૨૦૨૩**

| | |
|---|---|
| **ફરિયાદી** | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| **ફરિયાદ પક્ષ તરફે** | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| આરોપી/ઓ | (૧) **મનીશભાઈ રમણીકભાઈ સખીયા**<br>ઉ.વ.આ. ૩૫, રહે. ભગવતીપરા, પુલના છેડે કાલાવડ જી.જામનગર<br>(૨) **કેતનભાઈ વાલજીભાઈ વૈષ્ણવ પટેલ**<br>ઉ.વ.આ. ૩૦, રહે. ખોડીયારપરા કાલાવડ જી જામનગર<br>**(૩) રમેશભાઈ બચુભાઈ કરંગીયા**<br>ઉ.વ.આ. ૪૪, રહે. પંચવટી સોસાયટી, ખેતલા બાપા ટી સ્ટોલ પાલળ રણજીતસાગર રોડ, જામનગર<br>**(૪) જગદીશભાઈ બાબુભાઈ ઉર્ફે બાબુભાઈ દોંગા**<br>**(એબેટ થયેલ)**<br>**(૫) પંકજભાઈ મનસુખભાઈ કાછડીયા પટેલ**<br>ઉ.વ. ૩૯, રહે.:– ગોવિંદપરા શેરી નં– ૩ ગ્રેઈન માર્કેટ રોડ, કાલાવડ જી.જામનગર<br>**(૬) સુરેશભાઈ હંસરાજભાઈ વેકરીયા** |

| | |
|---|---|
| | રહે. મુરલીધરનગર -૧, શેરી નં.-૭ ગોકુલનગર રડાર રોડ,જામનગર<br>**(૭) જનકભાઈ વાસુદેભાઈ માટકા પટેલ**<br>રહે. શ્યામલ સ્કાઈલાઇડ ડી. ૧૧૦૪, જીવરાજપાર્ક, સ્પીકવેવ પાર્ટી પ્લોટની બાજુમાં કાલાવડ રોડ, રાજકોટ<br>**(૮) ખીમાભાઇ રામાભાઇ ભાટુ**<br>ઉ.વ. ૩૫, રહે. ગોકુલનગર રડાર રોડ, પ્રજાપતિ સોાયટી શેરી નં.૧૦ જામનગર<br>**(૯) બાબુભાઇ મચ્છાભાઇ બાભંવા ભરવાડ**<br>ઉ વ.૩૯, રહે. હીદળગામ તા.પડધરી જી.રાજકોટ<br>**(૧૦) હિતેશભાઇ ઓધડભાઇ ભુવા કોળી**<br>ઉ વ.૪૨, રહે. વાવડીગામ, વિશ્વકર્મા સોસાયટી, શેરી નંબર-૪, જય ભારતનગર, રાજકમલ પેટ્રોલપંપ ની પાછળ, રાજકોટ<br>**(૧૧) શાંતીભાઇ પરસોતમભાઇ કમાણી પટેલ**<br>ઉ વ.૫૪, રહે. કોઠા ભાડુકીયા શીવનગર કાલાવડ જી.જામનગર<br>**(૧૨) રમેશભાઈ ગવાનજીભાઈ સરધારા પટેલ**<br>ઉ વ.૫૫, રહે. ડોબરીયા વાડી પાછળ, તા.જેતપુર વેપાર, તા જી. રાજકોટ<br>**(૧૩) દિપકભાઇ ઉર્ફે દીલીપભાઇ રમણીકભાઇ પાંભર પટેલ**<br>ઉવ.૩૧ રહે. બજરંગપુર વેરતીયા તા.જી.જામનગર<br>**(૧૪) પિયુશભાઇ રવજીભાઇ હીંગરાજીયા પટેલ** ઉ વ.૪૭ રહે. અક્ષરવાટીકા, નાના મવા મેઇન રોડ, રાજકોટ<br>મુળ-કુતીયાણા દેવડા તા.કુતીયાણા જી.પોરબંદર<br>**(૧૫) અશોકસિંહ ગુમાનસિંહ જાડેજા ગીરા**<br>ઉ વ.૩૯, રહે. ગોંડલ રોડ, કોઠારીયા સોલ્વટ હાઉસીંગ બોર્ડ, કવાર્ટર નંબર ૩૬૩ રાજકોટ<br>**(૧૬) સુધીરસિંહ ઉર્ફે સહદેવસિંહ નાલુભા ચુડાસમા ગીરા**<br>ઉવ.૩૨,રહે.નંદનવન સોસાયટી, શેરી નંબર-૨, |

| | |
|---|---|
| | જામનગર<br>**(૧૭) અમીતભાઈ લખમણભાઈ મલીક રાજપુત**<br>ઉવ.૨૨,રહે. દોલતપરા શેરી નંબર-૧, ગોકુલ રોડ રાજકોટ મુળ- બેરમપુર જી.ઓડીશા<br>**(૧૮) મનોજભાઈ ગોરધનભાઈ ફળદુ પટેલ**<br>ઉ.વ.૪૦,રહે. સહજાનંદ પાર્ક શેરી નંબર-૪, રણજીતસાગર રોડ જામનગર<br>**(૧૯) રાજેશભાઈ મોહનભાઈ અકબરી પટેલ**<br>ઉવ.૪૪, રહે. ખોડીયારપરા કાલાવડ જી.જામનગર<br>**(૨૦) જમનભાઈ માવજીભાઈ ચાંગાણી પટેલ**<br>ઉવ. ૫૮ રહે. ધુતારપરગામ તા.જી.જામનગર<br>**(૨૧) લક્ષ્મીબેન વા/ઓ બટુકભાઈ ધોધાભાઈ જાપડા ભરવાડ**<br>ઉવ.૩૫, રહે. સરવાણીયાગામ તા.કાલાવડ જી.જામનગર |
| **આરોપી પક્ષ તરફે** | વિ.વ.શ્રી જે.બી.લશ્કરી |

## FORM B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૦૨/૦૮/૨૦૨૩ |
| **એફ.આઈ.આર. નોંધાયા તારીખ** | ૦૨/૦૮/૨૦૨૩ |
| **ચાર્જશીટ દાખલ થયા તારીખ** | ૧૨/૧૦/૨૦૨૩ |
| **તહોમતનામું ધડયા તારીખ / પ્લી રેકર્ડ કર્યા તારીખ** | ૦૨/૦૩/૨૦૨૪ |
| **ચુકાદા માટે મુકરર થયા તારીખ** | ૨૫/૦૮/૨૦૨૫ |
| **ચુકાદો જાહેર થયા તારીખ** | ૨૯/૦૫/૨૦૨૬ |
| **જો કોઈ સજા ફરમાવી હોય તો તેની તારીખ** | – |

## આરોપી/ઓની વિગત

| અનુક્રમ નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુક્ત થયા તારીખ | ગુનાનું તહોમત | નિર્દોષ/ દોષિત | સજા ફરમા | ક્રિ.પ્રો.કો.ક. ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | વી હોય તો તેની વિગત | દરમ્યાન ભોગવેલ સજાનો સમયગાળો |
| ૦૧ | મનીશભાઈ રમણીકભાઈ સખીયા | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | જુગાર ધારા – ૪ – ૫ મુજબ | નિર્દોષ છોડયા | – | – |
| ૦૨ | કેતનભાઈ વાલજીભાઈ વૈષ્ણવ પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૦૩ | રમેશભાઈ બચુભાઈ કરંગીયા | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૦૪ | જગદીશભાઈ બાબુભાઈ ઉર્ફે બાબુભાઈ દોંગા | એબેટ | મરણ ગયેલ | | | | |
| ૦૫ | પંકજભાઈ મનસુખભાઈ કાછડીયા પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૦૬ | સુરેશભાઈ હંસરાજભાઈ વેકરીયા | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૦૭ | જનકભાઈ વાસુદેભાઈ માટકા પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૦૮ | ખીમાભાઈ રામાભાઈ ભાટુ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | નિર્દોષ છોડયા | | |
| ૦૯ | બાબુભાઈ મચ્છાભાઈ બાભંવા ભરવાડ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૦ | હિતેશભાઈ ઓઘડભાઈ ભુવા કોળી | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૧ | શાંતીભાઈ પરસોતમભાઈ કમાણી પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૨ | રમેશભાઈ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ગવાનજીભાઇ સરધારા પટેલ | | | જુગાર ધારા – ૪ – ૫ મુજબ | નિર્દોષ છોડયા | | |
| ૧૩ | દિપકભાઇ ઉર્ફે દીલીપભાઇ રમણીકભાઇ પાંભર પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૪ | પિયુશભાઇ રવજીભાઇ હીંગરાજીયા પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૫ | અશોકસિંહ ગુમાનસિંહ જાડેજા ગીરા | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૬ | સુધીરસિંહ ઉર્ફે સહદેવસિંહ નાલુભા ચુડાસમા ગીરા | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૭ | અમીતભાઇ લખમણભાઇ મલીક રાજપુત | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૮ | મનોજભાઇ ગોરધનભાઇ ફળદુ પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૧૯ | રાજેશભાઇ મોહનભાઇ અકબરી પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૨૦ | જમનભાઇ માવજીભાઇ ચાંગાણી પટેલ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |
| ૨૧ | લક્ષ્મીબેન વા/ઓ બટુકભાઇ ધોધાભાઇ જાપડા ભરવાડ | ૨/૮/૨૫ | ૨/૮/૨૫ | | | | |

## **-// ચુકાદો //-**

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ કલાક:૦૧:૧૫ ના સુમારે બાલભંડી રોડ, સ્વાગત રેસીડેન્સી આરોપી નં.૧ નાઓ પોતાના કાલાવડ શહેર ખાતે બાલંભડી રોડ ઉપર આવેલ સ્વાગત રેસડેન્સીમાં આવેલ કબજા ભોગવટાના મકાનમાં પોતાના અંગત ફાયદા સારૂ બહારથી આરોપી નં.૨ થી ૨૧ નાઓને ભેગા કરી તમામ આરોપીઓ ગંજીપતાના પાના વડે તીનપતી પોલીસ નામનો પૈસાની હારજીત જુગાર રમી રમાડી આરોપી નં.૧ નાએ પોતાના અંગત ફાયદા સારૂ નાળના પૈસા ઉધરાવી જુગારનો અખાડો ચલાવી રેઈડ દરમિયાન ઉપરોકત તમામ આરોપીઓ રોકડ રૂા.૧૧,૮૫,૦૦૦/- તથા ગંજીપતા પાના નં.૨૧ કિંમત રૂા.૯૪,૦૦૦/- તથા ૭ ફોરવ્હીલર વાહન કિંમત રૂા.૨૦,૦૦,૦૦૦/- તથા ૩ મો.સા કિંમત રૂા.૧,૦૦,૦૦૦/- તથા ગંજીપતાના કેટ નંગ-૧૫ કિંમત રૂા.૦૦/૦૦ મળી કુલ કિંમત રૂા.૩૩,૭૯,૦૦૦/- ના મુદામાલ સાથે **ગુનો કરી ઉપર જણાવેલ આરોપીઓ પકડાઇ જતા જે તપાસના અંતે પડેલ પુરાવાઓના આધારે** આરોપીઓ વિરૂધ્ધ જુગારધારા કલમ ૪, ૫ **મુજબ** ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરિયાદીએ કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન એફ.આઈ.આર. નં.૧૧૨૦૨૦૩૦૨૩૦૨૩૦૩૨૨/૨૦૨૩ થી ફરિયાદ નોંધાવેલી. જે કામે તપાસ અધિકારીએ પુરતી તપાસ કરી લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપીઓ હાજર થયેલા હોઈ, આંક-૧૮ થી આંક-૩૭ સુધી દરેક આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ ચાર્જશીટ અને તેની સાથેના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલી. અહીં નોંધનીય છે કે, આરોપી નં.૪ નાઓ અવસાન પામેલા હોવા મતલબની પુરસીસ આંક-૭૩ થી રજૂ થતાં મારા પુરોગામી વિ.ન્યાયાધીશ સાહેબશ્રીએ તેઓ સામેની કાર્યવાહી એબેટ કરતો હુકમ ફરમાવેલ છે. વિશેષ નોંધનીય બાબત એ પણ છે કે, આ કામના આરોપી નં.૦૯ સામેના પ્રોસેસની ધોરણસર બજવણી થઈ શકતી નહીં હોવાથી મારા પુરોગામી વિ.ન્યાયાધીશ સાહેબશ્રીએ તેઓ વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૯૯ મુજબ ટ્રાયલ પ્રોસીડ કરવાનો હુકમ ફરમાવેલ છે, તે રીતે આરોપી નં.૦૯ વિરૂદ્ધની ટ્રાયલ પ્રોસીડ થયેલી છે. પ્રોસીક્યુશને તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

(૩) આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

## FORM–C

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ સાહેદોનો પુરાવો

### વિગતો

A. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | **રાજેશભાઇ મગનભાઇ ગજીયા ની જુબાની** | પંચ સાહેદ | ૪૧ |
| ૦૨ | **સંજયસિંહ ગોગવતસિંહ વાળાની જુબાની** | સાહેદ | ૪૫ |
| ૦૩ | **અમજદખાન જુસબખાન પઠાણની જુબાની** | પંચ સાહેદ | ૪૭ |
| ૦૪ | **હીતેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજાની જુબાની** | સાહેદ | ૫૦ |
| ૦૫ | **હરદીપભાઇ ભરતભાઇ ધાંધલની જુબાની** | સાહેદ | ૫૫ |
| ૦૬ | **દીલીપભાઇ નાગરભાઇ તલાવડીયાની જુબાની** | સાહેદ | ૫૮ |
| ૦૭ | **હરદીપભાઇ વસંતભાઇ બારાડની જુબાની** | સાહેદ | ૬૦ |
| ૦૮ | **ભારતીબેન ભોજાભાઇ ડાંગરની જુબાની** | સાહેદ | ૬૨ |
| ૦૯ | **સિધ્ધરાજસિંહ પ્રધ્યુમનસિંહ ગોહીલની જુબાની** | સાહેદ | ૬૪ |
| ૧૦ | **વાહતાભાઇ સોમાભાઇ પટેલની જુબાની** | ત.ક.અ. | ૬૬ |

B.આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

C.કોર્ટ દ્વારા નોંધાયેલ પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવાની

**વિગતો**

A. ફરિયાદ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૪૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |
| ૦૨ | ૫૧ | ફરીયાદ |

B. બચાવ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

C. અદાલત દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

D. મહત્વનો પુરાવો (મટીરીયલ ઓબ્જેક્ટ)

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | – – – | – – – |

(૪) પ્રસ્તુત કામે ઉપરોક્ત પુરાવો રજૂ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ પુરાવા સબબ આરોપીઓનુ સી.આર.પી.સી. કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના તેમના વિરૂદ્ધ આવેલા પુરાવાની હકીકતો નકારી કાઢી છે. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. આરોપીઓએ વિશેષમાં જણાવ્યું છે કે, અમો આરોપી નિર્દોષ છે. ખોટી ફરીયાદ કરેલ છે.

(૫) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપીના વિ.વ.શ્રીની પણ મૌખિક દલીલો વિગતવાર

સાંભળવામાં આવેલ છે. ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ સદરહું દલીલોનો અલાયદો ઉલ્લેખ નહીં કરતાં, અહીં આપવામાં આવેલ કારણોમાં દલીલોનો વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે અને નિર્ણય ઉપર આવતી વખતે સમગ્રપણે ધ્યાને રાખવામાં આવેલ છે.

(૬) પ્રસ્તુત કામે ન્યાય નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૨.૦૮.૨૦૨૩ ના રોજ ક.૦૧:૧૫ ના સુમારે બાલભંડી રોડ, સ્વાગત રેસીડેન્સી આરોપી નં.૧ નાઓ પોતાના કબજા ભોગવટાના મકાનમાં પોતાના અંગત ફાયદા સારૂ બહારથી આરોપી નં.૨ થી ૨૧ ને બોલાવી ગંજીપતાના પાના વડે તીનપતી પોલીસ નામનો પૈસાની હારજીત જુગાર રમી રમાડી અંગત ફાયદા સારૂ નાળના પૈસા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવી રેઈડ દરમિયાન જુગારના સાહિત્ય સાથે તમામ આરોપીઓએ પકડાઈ જઈ જુગારધારા કલમ ૪, ૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

**મુદ્દા નં.૧ અન્વયે**

(૮) જો ફરીયાદ પક્ષ રેકર્ડ ઉપર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે એવી રીતે પુરવાર કરે કે જેનાથી ફરીયાદ પક્ષના પુરાવામાં શંકા ઉદ્ભવતી ના હોય અને એક અતૂટ સાંકળ જેમ દરેક કડીઓ એકબીજાને સાંકળે તેવો સળંગ અને મજબૂત પુરાવો રજુ થાય, તો જ આરોપી સામેનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર થયેલ માની શકાય. પરંતુ, જો ફરિયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ જણાય તો તેનો સીધો લાભ આરોપીને મળવો જોઈએ. તેથી ફરીયાદ પક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું ઊંડાણપૂર્વક ગુણદોષ ઉપર મૂલ્યાંકન કરવુ જરૂરી થઈ પડે છે.

(૯) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે **ફરીયાદી હીતેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજાને આંક–૫૦** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેમના પુરાવાનું મૂલ્યાંકન કરવું આવશ્યક જણાય છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા.૦૧/૦૮/૨૦૨૩ ના કલાક ૨૨/૦૦ વાગ્યાથી તેઓ તથા એલ.સી.બી. સ્ટાફના એ.એસ.આઈ એસ.જી.વાળા તથા તેઓ પો.હેડ કોન્સ. હરદીપભાઈ ભરતભાઈ ધાધલ, દિલીપભાઈ નાગરભાઇ તલાવડીયા તથા પો.કોન્સ. હરદીપભાઇ વસંતભાઇ બારડ તથા વુમન પો.કોન્સ. ભારતીબેન ભોજાભાઈ ડાંગર વિગેરે સ્ટાફના માણસોસાથે કાલાવડ ટાઉન તથા કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા તા.૨/૦૮/૨૦૨૩ ના કલાક ૦૦/૩૦ વાગ્યે કાલાવડ ટાઉનમા બાલભંડી રોડ ઉપર ગણેશનગર પાસે રોડ ઉપર આવતા તેઓએ સદરહુ જગ્યાએ જુગાર ચાલુમાં હોવા અંગે બાતમીદારથી ખરાઈ કરતાં ખરેખર બાતમી મુજબનો જુગાર ચાલુમાં હોય જેથી સૂચના મુજબ તેઓ એ તુરતજ બે રાહદારી પંચો (૧) રાજેશભાઈ મગનભાઈ ગજીયા તથા (૨) અમજદખાન જુસબખાન પઠાણને બોલાવી બાતમી હકિકતની સમજ કરી કલાક ૦૦/૪૫ થી ૧/૦૦ સુધીનુ પ્રાથમિક પંચનામુ કરેલ.

(૯.૧) વધુમાં સાહેદ જણાવે છે કે, પંચોની જુગારા ધારાના વોરંટમાં સહી કરાવી ખાનગી વાહનોમાં બેસી પંચનામાની વિગતે જણાવેલ રસ્તે રવાના થઈ કલાક ૧/૧૫ વાગ્યે સ્વાગત રેસીડેન્સીમાં લોખંડના પતરા વાળા મોટા ગોડાઉનની બાજુમાં આવેલ બે માળના મકાનમાં રેઇડ કરતા નીચેના માળે આવેલ હોલ તથા રૂમમાં બે અલગ અલગ જગ્યાએ જુગારના ફીલ્ડ માંથી કુલ ૧૫ સ્ત્રી પુરૂષો ગંજીપતાના પાના વડે પૈસાની લેતીદેતી કરી જુગાર રમતા હોય તેમજ હોલમાં જુગાર રમવા આવેલ છ માણસો બેઠા હોય જેથી તમામને જેમના તેમ બેસી રહેવા સમજ કરી મનીશભાઇ રમણીકભાઇ સખીયાના નામનો પોકાર કરતા એક માણસે હાથ ઉચો કરી પોતે મનીશભાઈ રમણીકભાઇ સખીયા હોવાનુ જણાવેલ **જેથી તેને જુગાર ધારા કલમ–૬ મુજબનું ખાસ વોરંટ વાંચી બતાવી સહી લઇ** બાદમાં મકાનના હોલ તથા રૂમમાં જુગાર રમતાં મળી આવેલ તમામ પુરૂષો અને સ્ત્રીનુ એક પછી એક નામઠામ પુંછતા નીચેની વિગતે દરેક પાસેથી રોકડ રકમ, ગંજી પતાના પાના, મોબાઇલ ફોન તથા ફોરવ્હીલ તથા મો.સા. મળી આવતા પંચનામાની વિગતે કબ્જે કરવામા આવેલ છે.

(૯.૨) વધુમાં સાહેદ જણાવે છે કે, ફીલ્ડ નં.૧ માંથી (૧) મનીશભાઇ રમણીકભાઇ સખીયા પટેલની અંગઝડતીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂ.૬૪,૦૦૦/– તથા પેન્ટના ખિસ્સામાંથી નાળ ઉઘરાવેલના રોકડ

રૂા.૩૮,૦૦૦/ – તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક એમઆઈ કંપનીનો મોબાઇલ ફોન તથા જયુપીટર મો.સા. જી.જે.૧૦ સીએમ ૪૯૪૫, (૨) કેતનભાઈ વાલજીભાઇ વૈષ્ણવ પટેલ પાસેથી રોકડ રૂા.૭૨,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન તથા સપ્લેનડર પ્લસ જી.જે.૧૦ એડી ૮૨૯૩, (૩) રમેશભાઈ બચુભાઈ કરંગીયા આહીર પાસેથી રોકડ રૂા.૬૬,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન, (૪) જગદીશભાઈ બાબુભાઈ ઉર્ફે બાલુભાઈ દોંગા પટેલની અંગઝડતીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂા.૮૮,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક રેડમી કંપનીનો મોબાઇલ ફોન મળી આવેલ.

(૯.૩) વધુમાં સાહેદ જણાવે છે કે, રેઈડ દરમ્યાન આરોપી નં.(૫) પંકજભાઈ મનસુખભાઈ કાછડીયા પટેલ પાસેથી રોકડ રૂા.૮૧,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક વન પ્લસ કંપનીનો મોબાઇલ ફોન તથા એકસેસ મો.સા. જી.જે.૦૫ એનએફ ૯૮૭૭ કિ.રૂ.૪૦,૦૦૦/– (૬) સુરેશભાઈ હંસરાજભાઈ વેકરીયા પટેલ પાસેથી રોકડ રૂા.૫૨,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક એપલ કંપનીનો આઇફોન મોબાઈલ ફોન, (૭) જનકભાઈ વાસુદેવભાઈ માટકા પટેલ પાસેથી રોકડ રૂા.૭૬,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન તથા વોકસવેગન નીગ્રો જી.જે.૦૩ ઈસી ૬૦૫૭, (૮) ખીમાભાઈ રામાભાઈ ભાટુ આહીર **પાસેથી રોકડ રૂા.૮૬,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ. ૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન મળી આવેલ.**

(૯.૪) વધુમાં સાહેદ જણાવે છે કે, રેઈડ દરમ્યાન આરોપી નં.**(૯) લક્ષ્મીબેન વા/ઓ બટુકભાઈ ધોધાભાઈ જાપડા ભારવાડ પાસેથી રોકડ રૂા.૪૮,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન (૧૦) મજકુર સ્ત્રી પુરૂષો જે જગ્યાએ જુગાર રમતા હતા તે પટમાંથી ગંજી પતાના પાના નંગ–૨૫ કિ.રૂ.૦૦/૦૦ તથા રોકડ રૂા.૪૯,૦૦૦/ મળી આવતા અલગ અલગ કવરમાં મુકી તપાસ અર્થે કબ્જે કરેલ છે.**

(૯.૫) વધુમાં સાહેદ જણાવે છે કે, **ફીલ્ડ નંબર–૨ માં (૧) બાબુભાઈ મચ્છાભાઈ બાભંવા ભરવાડની અંગઝડતીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો**

રોકડ રૂા.૪૪,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ. ૦૦/૦૦ તથા એક વીવો કંપનીનો મોબાઇલ ફોન (૨) હિતેશભાઇ ઓધડભાઈ ભુવા કોળીની અંગઝડતીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂા.૬૨,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂા.૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન તથા સ્વીફ્ટ ટુકડો કાર જી.જે.૦૩ એચકે ૭૫૯૦, (૩) શાંતીભાઈ પરસોતમભાઈ કમાણી પટેલ વાળાની અંગઝડતીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂા.૫૩,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન તથા આઈ–૧૦ કાર જી.જે.૦૩ કેએચ ૦૭૯૯, (૪) રમેશભાઈ ભગવાનજીભાઈ સરધારા પટેલ વાળાની અંગઝડતી માંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂા.૬૫,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ. ૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન હુન્ડાઈ કંપનીની ગેટસ કાર જી.જે.૦૩ સીએ ૬૬૭૧ મળી આવેલ.

(૯.૬) વધુમાં સાહેદ જણાવે છે કે, રેઈડ દરમ્યાન આરોપી નં.(૫) દિપકભાઈ ઉર્ફે દીલીપભાઈ રમણીકભાઇ પાંભર પટેલ વાળાની અંગઝડતી માંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂા.૭૪,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ. ૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન તથા અર્ટીગાકાર જી.જે.૧૦ ડીજે ૯૦૪૭ (૬) પિયુશભાઈ રવજીભાઈ હીંગરાજીયા પટેલની અંગઝડતીમાંથી અલગ અલગ દરની ચલણી નોટો રોકડ રૂા.૭૯,૦૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૩ કિ.રૂ.૦૦/૦૦ તથા એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન (૭) મજકુર પુરૂષો જે જગ્યાએ જુગાર રમતા હતા તે પટમાંથી ગંજીપતાના પાના નંગ–૩૪ કિ.રૂ. ૦૦/૦૦ તથા રોકડ રૂા.૭૩,૦૦૦/– મળી આવતા અલગ અલગ કવરમાં મુકી તપાસ અર્થે કબ્જે કરેલ છે.

(૯.૭) વધુમાં સાહેદ જણાવે છે કે, સદરહુ મકાનના હોલમાં માણસો જુગાર રમવા માટે આવેલ હોય જે હાજર મળી આવેલ જેઓ (૧) અશોકસિંહ ગુમાનસિંહ જાડેજા ગીરા, પાસેથી રોકડ રૂા.૩૦૦૦/– તથા એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન તથા અર્ટીકા કાર જી.જે.૧૬ બીબી ૧૮૧૬ (૨) સુધીરસિંહ ઉર્ફે સહદેવસિંહ નાલુભા ચુડાસમા ગીરા પાસેથી (૩) અમીતભાઈ લખમણભાઈ મલીક રાજપુત વાળા પાસેથી રોકડ રૂા.૨૦૦૦/– તથા એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન (૪) મનોજભાઈ ગોરધનભાઈ ફળદુ પટેલ પાસેથી રોકડ રૂા.૩૦૦૦/–તથા એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન (૫) રાજેશભાઈ મોહનભાઈ અકબરી પટેલ પાસેથી રોકડ રૂા.૨૦૦૦/– તથા એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન તથા ઈકો કાર

જી.જે.૧૦ ડીસી ૩૬૨૭ (૬) જમનભાઈ માવજીભાઈ ચાંગાણી પટેલ પાસેથી રોકડ રૂા.૨૫૦૦/–તથા એક રેડમી કંપનીનો મોબાઈલ ફોન તપાસ અર્થે કબ્જે કરેલ.

(૯.૭) વધુમાં સાહેદ જણાવે છે કે, **મજકુર મનીશભાઈ રમણીકભાઇ સખીયાને સદરહુ મકાનનો આધાર પુરાવો રજુ કરવાનું જણાવતા એક ઈલેકટ્રીક લઈાટ બીલ રજુ કરેલ જેના ગ્રાહક નંબર જોતા ૩૨૬૦૧૫૧૧૫૩૨ છે. જે ઈલેકટ્રી લાઇટ બીલની કિ.રૂ.૦૦/૦૦ ગણી તેમજ સદરહુ હોલ માંથી ગંજીપતાના શીલબંધ કેટ નંગ–૧૫ મળી આવેલ જેની કિ.રૂ. ૦૦/૦૦ ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. મજકુર પુરૂષો કે મકાનની ઝડતી તપાસ કરતા આ સીવાય અન્ય બીજી કોઇ વાધાજનક ચીજવસ્તુ મળી આવેલ નથી કે કબ્જે કરેલ નથી.**

(૯.૮) વધુમાં સાહેદ જણાવે છે કે, **ઉપરોકત તમામ સ્ત્રી પુરૂષોએ ગંજી પતાના પાના વડે તીન પતી રોન પોલીસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી પોતાના અંગત ફાયદા સારૂ નાળ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવી રેઈડ દરમ્યાન રોકડ રૂા.૧૧,૮૫,૦૦૦/– તથા ગંજીપતા પાના નંગ–૧૦૪ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૨૧ કિ.રૂ.૯૪,૦૦૦/– તથા ૭ ફોરવ્હીલ વાહન કિ.રૂા.૨૦,૦૦,૦૦૦/– તથા મો.સા.–૩ કિ.રૂા.૧,૦૦,૦૦૦/– તથા ગંજીપતાના કેટ નંગ–૧૫ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ રૂા.૩૩,૭૯,૦૦૦/– ના મુદામાલ સાથે ૨૧ સ્ત્રી પુરૂષો પકડાઇ જતા તમામે જુ.ધા કલમ ૪–૫ મુજબ ગુનો કરેલ હોય, પકડાયેલ મજકુર ઈસમોને પંચનામુ પુરૂ થયે કલાક ૫/૦૦ વાગ્યે સાથેના પી.એસ.આઈ. એસ.પી.ગોહેલએ ધોરણસર અટક કરેલ છે અને મજકુર સ્ત્રીને નોટીસ આપી મુકત કરેલ છે. તો મજકુર તમામ તથા તપાસમાં ખુલે તે સામે કાયદેસર થવા ફરિયાદ આપેલી. જે અંગે તેઓએ** ફરીયાદ આપેલ તે આંક–૫૧ થી રજુ છે.

(૯.૯) આ ફરિયાદી સાહેદની આરોપી પક્ષના વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે. જેમાં સાહેદે સ્વીકાર્યું છે કે, **પેટ્રોલીંગમાં હોય તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવે છે, સરકારી વાહનનો ઉપયોગ કરી તેની નોંધ લોગબુકમાં કરવામાં આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે, એ વાતની તેમને ખબર નથી કે આ કામે સ્થાનીક જગ્યાની આસપાસ રહેતા કોઈ પણ વ્યકિતને તપાસના કામે સાહેદ તરીકે તપાસવામા આવેલ છે કે કેમ.** સાહેદે સ્વીકાર્યું છે કે, **નિવેદન આપતા પહેલા પંચનામ થઈ ગયેલું.** સાહેદે સ્વીકાર્યું છે કે, **ક્યા આરોપી પાસે ક્યા ચલણી દરની કેટલી નોટો હતી તે તેઓ કહી શકે નહી.** સાહેદે સ્વીકાર્યું છે કે, **સ્થાનીક જગ્યા રેસીડન્સીયલ સોસાયટી છે.** સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ **ખાનગી વાહન લઈ ગયેલા.**

સાહેદે સ્વીકાર્યું છે કે, આ ખાનગી વાહનની મિલીકી. તેમજ ડ્રાઈવરનું નામ કે ગાડી નંબર તેઓએ તેમના નીવેદનમાં જણાવેલ નથી. તેઓ બન્ને ખાનગી વાહનોમા કેટા ગાડીઓમા ગયેલા. આ કામના પંચોને હીતેન્દ્રસિંહે બોલાવેલા. બાતમી તેઓ તેમજ સાથેના એચ બી ધાંધલ ને તથા ડી એન તલાવાડીયાને મળેલી. બાતમી અનેલ ત્યારે તેઓ જામનગર એલ સી બી કચેરીએ હતા.

(૧૦) ફરીયાદ પક્ષના આ કથનને આ કામે તપાસેલ પંચ સાહેદો પૈકી પંચ સાહેદ રાજેશભાઈ મગનભાઈ ગજીયાઆંક–૪૧ થી તથા આંક–૪૭ થી પંચસાહેદ અમજદખાન જુસબખાન પઠાણએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં બીલકુલ સમર્થન આપતા નથી. સદર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની વંચાણે લેતા પોલીસે એક લખેલા પંચનામામાં તેઓની સહી લીધેલી તેવી હકિકત જણાવે છે અને શેનું પંચનામું હતું તેની તેઓની ખબર નથી તેમ જણાવી પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવી સદર પંચનામું આંક–૪૨ થી રજુ કરેલાનું અને તે સિવાય પંચનામાની વિગતે તેઓ કશું જાણતા ન જણાવે છે. આ પંચ સાહેદો ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે. સરકાર તરફે પરવાનગી મેળવી તેઓની વિગતવાર ઉલટતપાસ પણ કરી છે, પરંતુ તેમાંથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકર્તા લેશમાત્ર પુરાવો પ્રાપ્ત થઈ શકેલ નથી. આ પંચ સાહેદોની આરોપીઓ પક્ષે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષ તરફે પોલીસ સાહેદ આંક–૪૫ થી સંજયસિંહ ગોગવતસિંહ વાળાને, આંક–૫૫ થી હરદીપભાઈ ભરતભાઈ ધાંધલ, આંક–૫૮ થી દીલીપભાઈ નાગરભાઈ તલાવડીયાને, આંક–૬૦ થી હરદીપભાઈ વસંતભાઈ બારાડને, આંક–૬૨ થી ભારતીબેન ભોજાભાઈ ડાંગરને, આંક–૬૪ થી સિધ્ધરાજસિંહ પ્રધ્યુમનસિંહ ગોહીલનાઓને સોગંદ ઉપર જુબાની પર તપાસેલા છે. આ તમામ સાહેદો પોલીસ કર્મચારી છે અને તેમના સોગંદ ઉપરના પુરાવામાં રેઈડ દરમ્યાન થયેલ કાર્યવાહી અંગેની હકીકતો જણાવે છે. એકંદરે આ તમામ સાહેદોનો સોગંદ ઉપરનો પુરાવો સ્ટીરીયો ટાઈપ પુરાવો છે.

(૧૨) ફરીયાદપક્ષે ત.ક.અ. શ્રી વાહતાભાઈ સોમાભાઈ પટેલને આંક–૬૬ થી સોંગદ પર તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ઓગસ્ટ–૨૩ મા તેઓ કાલાવડ ટાઉન પો સ્ટે માં પી.આઈ. તરીકે ફરજ બજાવતા હોય તે દરમ્યાન એલ.સી.બી.જામનગરના હેડ કોન્સ. હીતેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા નાઓએ પી.એસ.આઈ. એસ.પી.ગોહીલનાઓ રૂબરૂની જુ.ધા. કલમ ૪, ૫ મુજબની ફરીયાદ આપતા પી.એસ.ઓ. એ ફરીયાદ દાખલ કરી ગુન્હા રજી. નં. ૩૨૨/૨૦૨૩ની

આગળની તપાસ સંભાળી લીધેલ, રેઈડીંગ પાર્ટી ન હોય કરેલ પંચનામું એરેસ્ટ મેમો, જુ.ધા. કલમ ૬ મુજબનું વોરંટ, તેમજ પી.એસ.ઓ.એ ફાનેલ મુદામાલ પાવતી તેમજ લાઈટ બીલની નકલ, વંચાણે લઈ ગુન્હાના કામે સામેલ રાખેલ, બાદ ગુન્હાની તપાસના કામે સાહેદોના નીવેદનો લીધેલ તેમજ આરોપીઓના નીવેદન લીધેલ આરોપીઓના મોબાઈલ નંબર કઢાવવા તજવીજ કરેલ. આરોપીઓએ જામીન રજુ કરતા જામીન ઉપર છોડવામાં આવેલ. બાદ પુરતા પુરાવા પડતા આરોપીઓ વિરુધ્ધમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

(૧૨.૧) આ તપાસ અધિકારીશ્રીની આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વિગતવાર ઉલટતપાસ કરી છે, જેમાં ત.ક.અ સાહેદે સ્વીકાર્યું છે કે, પ્રાથમિક પંચનામું તેમણે કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, બાલભંડી રોડ આવેલ હોય ત્યા માણસો અને વાહનનોની અવર જવર હોય છે. સાહેદે સ્વીકાર્યું છે કે, ખાનગી વાહન પેટ્રોલીંગમાં હોય તે વાહનનો નંબર તથા ડ્રાઈવરના નામ ફરીયાદીએ લખાવેલ નથી કે તેઓએ વિશે તપાસ કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, તેઓ તેમની તપાસમાં એસ.પી.ગોહિલ સાહેબનું નિવેદન લીધેલ નથી.

(૧૩) તમામ હકીકત અને સંજોગો તેમજ કેસનું રેકર્ડ સમગ્રપણે ધ્યાને લીધુ. આરોપીઓ વિરૂદ્ધ ધી જુગાર ધારાની કલમ–૪, ૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. જે સંદર્ભે કાયદાની જોગવાઈ મુજબ રેડીંગ ઓફીસર પી.એસ.આઈ. કક્ષા કરતાં ઉતરતા દરજ્જાનો હોવો જોઈએ નહીં અને તેમણે ધી જુગાર ધારાની કલમ–૬ મુજબનું વોરંટ મેળવીને ત્યારબાદ રેડીંગ કામગીરી કરી હોવી જોઈએ. હાલના કિસ્સામાં પ્રોસીક્યુશન તરફે તપાસવામાં આવેલ તમામ પોલીસ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાનું ઝીણવટ પૂર્વક મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે ધી જુગાર ધારાની કલમ–૦૬ મુજબનું કોઈ વોરંટ મેળવવામાં આવ્યું હોય તેમ જણાતું નથી, કારણ કે આ કામે આવું કોઈ વોરંટ રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી. આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો પ્રસ્તુત કામે પ્રોસીક્યુશન તરફે પંચ સાહેદ/સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે, તેઓના પુરાવાથી પ્રોસીક્યુશન એવી કોઈ હકીકત બહાર કઢાવી શકેલ નથી કે આ કામે કલમ–૦૬ મુજબના પંચનામાની પંચોને કોઈ સમજ આપવામાં આવી હોય કે તે પ્રક્રિયા અનુસરવામાં આવી હોય. એટલું જ નહીં પરંતુ આ પંચ સાહેદ/સાહેદો પંચનામાની લેશમાત્ર હકીકતોને સમર્થન આપતા નહીં હોવાથી ફરી ગયેલા સાહેદો જાહેર થયેલા છે. તે રીતે જોતાં આ કામે રેડ અંગેનું પંચનામું તેના સ્વતંત્ર એવા પંચ સાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પુરવાર થતુ નથી. આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો પ્રસ્તુત કામે કોઈ સ્વતંત્ર સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા નથી. આમ, સમગ્રપણે જોવામાં આવે તો

**કાયદાના પ્રબંધો મુજબ જુગાર રેડની કામગીરી થયાની હકીકતને સમર્થન મળતું નથી કે રેડની કામગીરી અંગેનું પંચનામું પણ પુરવાર થઈ શકેલ નથી. આમ, સમગ્રપણે જોવામાં આવે તો ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુનો શંકાથી પર રહીને પુરવાર કરી શકેલ નથી. ત્યારે ગમે તેટલી મજબુત શંકા હોય પરંતુ તે તટસ્થ પુરાવાના પુરક તરીકે સ્થાન મેળવી શકે નહી. જેથી ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, આ કામે ઉપસ્થિત મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

## હુકમ

૧) આરોપીઓને ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ધી જુગાર ધારાની કલમ–૪,૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાંથી શંકાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨) અપીલ સમય પુરો થયા બાદ, જો હાલના ચુકાદા વિરૂદ્ધ અપીલ થયેલી ના હોય તો, આ કામે વચગાળાના કામે થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે તથા તપાસ અધિકારીશ્રીએ અંગજડતીમાંથી કબજે લીધેલ નાણાં જે તે ઈસમને પરત કરવા, દાવ ઉપરથી કબજે લીધેલ નાણાં અને નાળ પેટે ઉઘરાવેલા નાણાં હોય તે તમામ સરકાર જમા કરવા, તે સિવાયનો કિંમતી મુદ્દામાલ ત.ક.અ.શ્રીએ માલીકીની ખરાઈ કરી જે તે ઈસમને પરત સોંપવો તથા બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૩) આરોપીઓએ ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) ની જોગવાઈઓ મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેશે તેવી ખાત્રી આપવા ૬ (છ) માસના સમય માટેના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૯મી માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ – ૨૯/૦૫/૨૦૨૬**
**સ્થળ –કાલાવડ**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**જજ કોડ – જીજે૦૧૬૦૬**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ, કાલાવડ**